## વડીલોને વંદન અભિનંદન


લાલજી સુરસિંહ રાજપૂત
(૧૯૪૨) મો.૯૪૨૮૫૯૭૨૨૦


હંસાબેન આર. મહેતા
(૧૯૫૯)

# દહેગામની નવ પ્રાથમિક શાળાના ૧૩ વર્ગખંડો જર્જરિત હાલતમાં છે

**વિધાનસભામાં ગાંધીનગર**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ બી.પી.એલ. પરિવારો માટે બનાવવામાં આવેલ શૌચાલયો અંગે ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યકક્ષાના ગ્રામવિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૦૪૪ બી.પી.એલ. પરિવારો માટે વ્યક્તીગત શૌચાલયો બનાવવામાં આવ્યા છે.

આ શૌચાલયો પાછળ રૂ. ૨૩.૨૦ લાખનો ખર્ચ થયો હોવાનું પણ તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● પ્રા. શાળામાં આચાર્યની ભરતી

ભાજપના ધારાસભ્યશ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રા. શાળામાં કેટલા આચાર્યોની ભરતી કરવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૯૮ આચાર્યની ભરતી કરવામાં આવેલ છે.

જિલ્લાની બાકી રહેલી પ્રા. શાળાઓમાં પણ જેમ બને તેમ ઝડપથી આચાર્યોની ભરતી કરવામાં આવશે તેમ પણ મંત્રીશ્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● જર્જરિત વર્ગખંડો

કોંગીના શ્રીમતિ કામીનીબા રાઠોડે દહેગામ તાલુકામાં પ્રા. શાળાના જર્જરિત વર્ગખંડો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે દહેગામ તાલુકામાં ૩૦-૧-૧૩ની સ્થિતિએ નવ પ્રા. શાળાના ૧૩ વર્ગખંડો જર્જરિત છે.

આ પ્રા. શાળાઓમાં ઉદણ પ્રા. શાળા, અંતોલી પ્રા. શાળા, બાવાનામઠ પ્રા. શાળા, દલતપુરા (લવાડ) પ્રા. શાળા, લાખાજીના મુવાડા પ્રા. શાળા, નાની માછંગ પ્રા. શાળા, સાણોદ પ્રા. શાળા, સગદલપુર પ્રા. શાળા, વિઠ્ઠલપુરા પ્રા. શાળાનો સમાવેશ થાય છે.

આ જર્જરિત વર્ગખંડો બને તેટલી ઝડપથી ઉતારી લઈ નવા વર્ગખંડો બનાવવામાં આવશે.

# મુસાફરોને બચાવવામાં હોમગાર્ડ અને રાહદારીની પણ નોંધનીય કામગીરી

આજે બપોરના ૧૨.૩૦ કલાકે અમદાવાદથી ગાંધીનગર આવી રહેલી મુસાફરોથી ભરેલી એસ.ટી. બસમાં ચ-૩ સર્કલ પાસે અચાનક એકાએક જોરદાર આગ ભભુકી ઉઠી હતી. આ ઘટનાના પગલે સળગતી બસમાં બેઠેલા તમામ પેસેન્જરોના જીવ પડીકે બંધાયા હતા અને બચાવ-બચાવની ચિચિયારીઓ વચ્ચે ગમે તેમ બહાર નિકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા. દરમિયાન ચ-૩ સર્કલ પર ફરજ બજાવતા હોમગાર્ડઝ જવાન સંજય ચિમનલાલ પરમાર અને માર્ગ પરથી પસાર થઈ રહેલા કારના ચાલક સુરેશભાઈ ચૌધરીએ કારમાંથી ઉતરી હિંમત અને સમયસૂચકતા દાખવી સળગતી બસ તરફ દોડી ગયા હતા અને મુસાફરોને પોતાના માલસામાન સાથે બસની બહાર નિકાળ્યા હતા. ઉપરાંત આગ બૂજાવવા આવેલ ફાયર ફાયટરને પણ આ બન્ને બહાદુર સાહસવીરોએ બચાવ કામગીરીમાં મદદ કરી હતી.



# ગાંધીનગરમાં સરકારના નામે ૨.૭૭ કરોડની છેતરપિંડી થઈ

## સર્વશિક્ષા અભિયાનને ભળતુ નામ આપી દઈને સરકારી નોકરીનો ભ્રમ ઉભો કરી છેતરપીંડી થઈ હોવાનો ખુલાસો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાનને મળતું આવતું નામ રાખી સરકારી નોકરી અપાવવાની લાલચ આપી રૂા.૨.૭૭ કરોડથી પણ વધુ રકમની કેટલાક સખ્શો દ્વારા છેતરપીંડી આચરવામાં આવી હોવાનો ખુલાસો રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે વિધાનસભા ગૃહમાં કર્યો હતો. રાજ્ય વિધાનસભામાં આજે છોટાઉદેપુરના ધારાસભ્ય મોહનસિંહ રાઠવાના એક પ્રશ્નના લેખિત જવાબમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાં સેક્ટર ૧૧ ખાતે સર્વ શિક્ષા અભિયાનને મળતું આવતું નામ રાખી સરકારી નોકરીનો ભ્રમ ઉભો કરી મોટાપાયે નાણાં પડાવવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ કૌભાંડ તા.૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૨થી ચાલતું હોવાનું તથા તેમાં રૂા.૨,૭૭,૦૯,૬૯૬ની છેતરપીંડી થઈ હોવાનું બહાર આવ્યું છે. આ અંગે પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં કેટલા લોકો છેતરપીંડીના ભોગ બન્યાં છે તેની તપાસ ચાલુ હોવાથી ચોક્કસ આંકડો તપાસ પૂર્ણ થયા બાદ જ નક્કી થઈ શકશે. તેમ પણ તેમણે જણાવ્યું હતું.

# પીપળજ ખાતે બોંબ મુકયાની ધમકી આપનાર બે યુવક ઝડપાયા

## પોલીસ કંટ્રોલ રૂમને ફોન કરી પીપળજમાં બોમ્બ મૂકયો હોવાનો મેસેજ કર્યો હતો : ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયા

અમદાવાદના પીપળજમાં બોંબ મૂક્યો હોવાની ધમકી આપનાર બે યુવાનોને શહેર ક્રાઈમ બ્રાંચે ઝડપી લઈ વધુ તપાસ અર્થે વટવા પોલીસને સોંપી દીધા હતા. વટવા પોલી આ અંગે ગુનો નોંધી વધુ તપાસહાથ ધરી છે.

ગઈ કાલે કોઈ અજાણી વયક્તિએ પોલીસ કંટ્રોલ રૂમને ફોન કરી ધમકી આપી હતી કે પીપળજમાં બોમ્બ મુકવામાં આવ્યો છે. ધમકીભર્યો ફોન મળતાની સાથે જ સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાંચ, ડોગ સ્કોવોર્ડ, બોંબ સ્કવોર્ડ, એટીએસ અને એફએસએલ સહિત ઉચ્ચ અધિકારીઓ પીપળજ ખાતે પહોંચી ગયા હતા. જો કે પોલીસે સઘન તપાસ હાથ ધરતા કોઈ પણ પ્રકારની શંકાસ્પદ વસ્તુ નહીં મળતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો. ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરતા ધમકીભર્યો ફોન પીપળજમાંથી જ કરવામાં આવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું ક્રાઈમ બ્રાંચે પીપળજમાં વધુ તપાસ હાથ ધરતા ફોન કરનાર મૂળ મધ્યપ્રદેશના રહેવાસી વિમલ હોવાનું જાણવા મળ્યું હતું જેથી પોલીસે વિમલની પૂછપરછ હાથ ધરી હતી. પોલીસે તપાસમાં જાણવામળ્યું હતું કે આ ફોન નંબર વિમલનો છે. અને વિમલના ફોનથી રવિ નામના શખ્સે ફોન કર્યો હતો. જેથી પોલીસે રવિની પણ ધરપકડ કરી હતી. પોલીસે પુછપરછ દરમ્યાન જાણવા મળ્યું હતું કે વિમલ તેના મિત્ર રવિની પત્નીને અવારનવાર ફોન કરી હેરાન કરતો હોવાથી રવિએ વિમલનો નંબર આપી કંટ્રોલ રૂમમાં ફોન કરી બોંબ હોવાની માહિતી આપી હતી. હાલ પોલીસે બંને યુવકોની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

# પોલીસના અપહરણ કેસમાં એક પોલીસની પણ સંડોવણી

## અપહરણકારો પૈકી મુખ્ય સૂત્રધાર વોન્ટેડ બુટલેગર અને ચિલોડા પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ ફરાર : ઝડપાયેલો ડ્રાઈવર બે દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા.૧૯

પાટનગરમાં ગઈ કાલે સમી સાંજે વોન્ટેડ બુટલેગરને પકડવા ગયેલી પોલીસનું જ અપહરણ થઈ ગયાની ચકચારી ઘટના બનવા પામી હતી. જેમાં ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ કોન્સ્ટેબલની પણ સંડોવણી બહાર આવવા પામી છે. વોન્ટેડ આરોપી અને અપહરણમાં તેને મદદગારી કરનાર પોલીસ કોન્સ્ટેબલ બંને હજુ પોલીસથી ભાગતા ફરે છે. તેમની શોધખોળ સે-૨૧ પોલીસ કરી રહી છે. જયારે ગઈ કાલે મોડી સાંજે ઝડપાઈ ગયેલા ડ્રાઈવરને કોર્ટમાં રજુ કરતાં કોર્ટે પુછપરછ માટે તેના બે દિવસનાં રીમાન્ડ મંજુર કર્યા છે.

ગાંધીનગર સહિત અમદાવાદ જિલ્લાના પણ કેટલાક ગુનાઓમાં વોન્ટેડ આરોપી શૈલેન્દ્રસિંહ દશરથસિંહ રાઠોડ શહેરના સેકટર-૨૨માં જૈન દેરાસર પાસે સફેદ કલરની સ્વીફટ ગાડીમાં હોવાની બાતમી મળતા સે-૨૧ પોલીસ મથકના કોન્સ્ટેબલ પ્રદિપસિંહ પી.સી.આર. વાનમાં અન્ય એક કોન્સ્ટેબલને લઈને પહોંચી ગયા હતાં. વોન્ટેડ આરોપીને પકડીને ગાડીમાંથી બહાર લાવવા સ્વીફટમાં ઘુસેલા કોન્સ્ટેબલને જ ગાડીમાં બેસાડી દઈ તેમનું અપહરણ કરી જવાની ચોંકાવનારી ઘટના ગઈ સાંજે બનવા પામી હતી. સ્વીફટ રોકવા માટે લાઠીથી કારના કાચ તોડવા છતાં અપહરણકારો ફરાર થઈ ગયા હતા. મોડી સાંજે અપહ્યુત પોલીસ કોન્સ્ટેબલ ડ્રાઈવર તથા સ્વીફટ ગાડીને લઈને પોલીસ સ્ટેશન લઈ આવ્યો હતો પરંતુ રસ્તામાં બુટલેગર તથા અન્ય એક આરોપી ઉતરીને ફરાર થઈ ગયા હતાં. રાત્રે ડ્રાઈવર ધર્મેન્દ્ર ભીખુસિંહ ચાવડાની ધરપકડ કરી લેવામાં આવી હતી. જેને આજે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે પુછપરછ માટે તેના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. સે-૨૧ પોલીસે શરુ કરેલી તપાસમાં ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે. પોલીસ કોન્સ્ટેબલ પ્રદિપસિંહના અપહરણ કેસમાં ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસ કોન્સ્ટેબલની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. સ્વીફટ ગાડીમાં ડ્રાઈવર ઉપરાંત અન્ય બે અપહરણકારો પૈકી એક વોન્ટેડ બુટલેગર શૈલેન્દ્રસિંહ રાઠોડ હતો અને બીજો ચિલોડા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો લાલસિંહ વિશુજી હોવાનું બહાર આવ્યું છે. જે તમામ વિરુધ્ધ પોલીસનું અપહરણ કરી હુમલો કરવા અંગેનો ગુનો નોંધાવા પામ્યો છે. ચિલોડા પોલીસ સ્ટેશનમાં પણ આજે કોન્સ્ટેબલ ફરજ પર આવ્યો ન હતો. હજુ બુટલેગર તથા પોલીસ બંને અપહરણકારો વોન્ટેડ છે જેમની સે-૨૧ પી.આઈ. એસ.ડી. પટેલ તથા તેમની ટીમ શોધખોળ કરી રહ્યા છે.

# ગુજરાતની મહિલાઓનું ઇનામથી સન્માનિત થશે

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદ ખાતે ૨૩મી માર્ચે યોજાનારા રાજ્ય સ્તરીય મહિલા સન્માન સંમેલનમાં માતાયશોદા એવોર્ડ વર્ષ ૨૦૧૧-૧૨ માટે રાજ્યની કુલ ૫૮ મહિલાઓને રૂા.૧૦.૧૮ લાખના ઈનામથી પુરસ્કૃત કરવામાં આવશે. સંકલિત બાળવિકાસ યોજનાના મધ્યબિંદુ સમા આંગણવાડી કેન્દ્રમાં ૬ વર્ષ સુધીના બાળકો, સગર્ભા બહેનો, પ્રસુતા બહેનો અને કિશોરીઓને પૂરક પોષણ, આરોગ્ય તપાસ, સંદર્ભ સેવાઓ, રોગપ્રતિકારક રસીઓ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવાની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી આંગણવાડી ‘નંદઘર’ની કાર્યકર અને તેડાગર બહેનો દ્વારા કરવામાં આવે છે.

નંદઘરમાં ઉત્તમ કામગીરી કરનાર આંગણવાડી કાર્યકર અને તેડાગરને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭થી માતા યશોદા એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. જે પૈકી વર્ષ ૨૦૧૧-૧૨ માટે રાજ્યની કુલ ૫૮ મહિલાઓને રાજ્ય સરકાર માતાયશોદા એવોર્ડ અર્પણ કરશે.

# વિકાસનો લાભ યુવાનોને ન મળે તો શું કામનો : કેશુભાઈ

## ટાટાની નેનો કાર માટે રૂપિયા ૩૩ હજાર કરોડની રાહત અપાઈ છતાં પણ માત્ર ૧૯૫૪ લોકોને રોજગારી મળી

અમદાવાદ, તા.૧૯

ગુજરાત વિધાનસભામાં આજે હાથ ધરાયેલી શ્રમ અને રોજગારી વિભાગની માંગણી પરની ચર્ચામાં ભાગ લેતા ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વિસાવદરના ધારાસભ્ય કેશુભાઈ પટેલે રાજ્ય સરકારની નીતિઓ પર ભારે આકરા પ્રહારો કર્યા હતા અને શ્રમ અને રોજગાર વિભાગની નીતિઓની ઝાટકણી કાઢી હતી. એટલુ જ નહીં પરંતુ કેશુભાઈ પટેલે નેનો કાર માટે ટાટા કંપનીને કુલ ૩૩ હજાર કોરનડી રાહત આપવામાં આવી હોવા છતાં ટાટા કંપનીએ માત્ર ૧૯૫૪ લોકોને જ રોજગારી આપી હોવાનો ધારદાર આક્ષેપ કર્યો હતો. કશુભાઈ પટેલે જણાવ્યું હતુ કે રાજ્યમાં શિક્ષિત બેરોજગારીઓની સંખ્યામાં વધારો થયો છે તેવું ખુદ સરકારી તંત્ર દ્વારા બહાર પાડવામાં આવેલી પુસ્તિકામાં સ્વીકાર કરવામાં આવ્યો છે. સરકારી ચોપડીમાં બતાવવામાં આવ્યું છે કે ૨૬ લાખ લોકો બેરોજગાર છે.

સરકારી દાવાઓનો વધુ પોલ ખોલતા કેશુભાઈ પટેલે પ્રહારો કરતા જણાવ્યું હતુ કે સામાજિક આર્થિક સમીક્ષાની પુસ્તકના પાના ક-૮૩ પર આવેલા કોઠામાં દર્શાવવામાં આવ્યુ છે કે આજે રાજ્યમાં ૨૬ લાખ લોકો બેકાર બેઠા છે. નવા ઉદ્યોગ આવવાથી માત્ર રાજ્યમાં મર્યાદિત લોકોને ફાયદો થયો હતો. ગુજરાતના સર્વ સમાવેક ગ્રોથનો લાભ યુવાનોને મળતો ન હોય અને તેને અન્યાય થતો હોય તો માત્ર પ્રચારાત્મક ગ્રોથ શું કામનો. તેવો પણ તેમણે રાજ્ય સરકારને ટોળા માર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે શિક્ષિત યુવાનોની હાથ કફોડી છે. તે અંગે રાજ્ય સરકારે ખાસ ચિંતા સેવવી જોઈએ. ૨૦૦૩થી ૨૦૧૧ના વાયબ્રન્ટ સમિટમાં એક લાખ ચાર હજાર લોકોને રોજગારી આપી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. એમાંથી નીકળ્યુ શું એ જ હાલત તો ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર જેવો થઈ છે. તેમા પ્રજાહિત માટે કંઈ નીકળ્યુ નથી, ટાટાની નેનો કારને અપાયેલી રાહતનો મુદ્દો ઉઠાવતા કેશુભાઈ પટેલે રાજ્ય સરકાર પર ભારે પસ્તાર પાડી હતી.

તેમણે કહ્યુ કે નેનો કાર અને ટાટા કંપનીને બધુ થઈને ૩૩૦૦૦ કરોડની રાહત આપવામાં આવી છે. એક લાખના રોકાણ પર એક વ્યક્તિને રોજગારી મળવાની હોય તો તેમાંય ૩.૩૦ લાખ લોકોને રોજગારી દર મહિને મળવી જોઈએ. શું આ બન્યું છે. આપણને તેમાંથી ૮૫ ટકા રોજગારી આપવામાંથી બાકાત રાકી દીધા. આ વર્ષના અંદાજ માત્ર ૧૯૫૪ લોકોને જ રોજગારી આપી છે આવું જ કરવાનું હોય તો આ બધી ખોટી ખોટી વાતો કરવાથી સમસ્યાનો ઉકેલ આવી શકવાનો નથી.

## કંપની સમાચાર

### મધ્યમવર્ગના લોકોના જીવનમાં એક નવો ઉમંગ ઉમેરતા ડીબીએસ કમ્યુનિટીસ રજૂ કરે છે ૨૫ હજાર અફોર્ડેબલ હોમ્સનો મેગા પ્રોજેક્ટ

છેલ્લા કેટલાક સમયથી રીઅલ એસ્ટેટ ક્ષેત્રે ખાસ કરીને રેસિડેન્શિયલ સ્કીમોમાં ભલે કોઈ તેજી ના હોય અને નવા બની રહેલા ઘરોના ભાવો ખૂબજ સ્થીર થઈ ગયા છે પરંતુ તેમ છતાં પણ હજુ આજની આ મોંઘવારીમાં મધ્યમવર્ગ અને નિમ્ન મધ્યમવર્ગના લોકો પોતાના સપનાનું ઘર નથી ખરીદી શકતા. આજે અનેક સ્કીમો એવી છે કે જેમાં ખાલી માત્ર કહેવાય છે કે મધ્યમવર્ગના લોકોને પોસાય તેવું ઘર, પરંતુ એ ઘરની કિંમત પણ આજના મધ્યમવર્ગને પોસાય તેવી હોતી નથી, ત્યારે મધ્યમવર્ગની સામાન્ય આવકને ધ્યાનમાં રાખીને તેમને ખરેખર પોસાય તેવા અને તેમનું સપનું ખરેખર સાકાર થાય તેવા આશય સાથે ડીબીએસ એફોર્ડેબલ હોમ સ્ટ્રેટેજી લિમિટેડ લઈને આવી રહ્યું છે, આજના મધ્યમવર્ગના લોકોના જીવનમાં એક નવું ઉમંગ.


મધ્યમવર્ગના જીવનમાં નવી ખુશી અને ઉમંગનો વધારો કરતા ડીબીએસ એફોર્ડેબલ હોમ સ્ટ્રેટેજી લિમિટેડ દ્વારા એક સાથે ૨૫૦૦૦ અફોર્ડેબલ હોમ્સ તૈયાર કરવાનો મેગા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ ઉમંગ બ્રાન્ડ નેમથી શરૂ થયો છે અને જે અંતર્ગત આગામી ટૂંક સમયમાં અમદાવાદ તથા આસપાસના વિવિધ વિસ્તારોમાં અફોર્ડેબલ હાઉસીસ તૈયાર કરવામાં આવશે. આ મેગા અને અતિ મહત્વના હાઉસીંગ પ્રોજેક્ટની આજે ગાંધીનગરના અડાલજ નજીક આવેલા ડીબીસ કેમ્પસ ખાતે દેશ અને દુનિયાના માધાંતાઓની ઉપસ્થિતિમાં ભવ્ય સમારોહ સાથે જાહેરાત કરવામાં આવી છે. આ પ્રસંગે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ચાન્સેલર, ઈરમાનો ક્સ ચેરમેન અને ભારત સરકારના પ્લાનિંગ કમિશનના સભ્ય ડૉ. વાય.કે. અલઘ તેમજ સેન્ટ્રલ બેંક અને નેશનલ હાઉસીંગ બેંકના એક્સ ચેરમેન અને એમડી એસ શ્રીધર મુખ્યની ઉપસ્થિતિમાં આ મેગા પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી.

## દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૯

વાવોલ ગામના નારણભાઈ શામળભાઈ પટેલનો લાંબી માંદગી બાદ ગત રોજ સ્વર્ગવાસ થયો છે. ગાંધીનગરમાં પ્લોટ નં. ૧૭૫/૨, સેક્ટર-૪-એ ખાતે નિવાસ કરતા તેમના દીકરા નટવરભાઈ, અને જશુભાઈએ સમાજ રીત રિવાજ મુજબ સ્વર્ગસ્થનું બેસણું ૨૫મી માર્ચ-૨૦૧૩ને સોમવારે રાખ્યું છે. જેની સગા-સ્નેહીઓએ નોંધ લેવી.

## શબ્દાવલી - ૫૦૧૨



### આડી ચાવી

૧. સુખ આપનારૂં (૪)
૩. ટેવ (૩)
૬. પવિત્ર યાત્રા સ્થાન (૨)
૭. ધારણ કરવું તે (૩)
૮. ખોટો વ્યવહાર, દેખાડો (૪)
૧૦. ગંદકી (૨)
૧૨. ઉજ્જડ (૩)
૧૩. નાના બાળકને હસવાનો અવાજ (૪)
૧૫. વાળની એક સેર (૨)
૧૭. એક ચકોર નજરવાળું પંખી (૨)
૧૮. કેસરી રંગના કપડા (૩)
૨૧. ઘાતકી, દયા વિનાનું (૩)
૨૨. સંબંધ (૪)

### ઊભી ચાવી

૧. સારો ફેરફાર કરવો, સુધરવું તે (૩)
૨. થોભ, ઉભો રે (૨)
૩. આશ્રય, ભરોસો (૩)
૪. ઊંદર-સાપ... માં રહે (૨)
૫. તનાવ, બેચેની (૩)
૮. સરસ ભોજન (૩)
૯. ચપળતા, હોંશિયારી (૩)
૧૦. ખુબ મોટું (૩)
૧૧. પરસેન્ટેજ (૨)
૧૨. લતા, વેલો (૨)
૧૪. આશરે, ચોક્કસ નહિ તેવું (૪)
૧૬. મર્યાદા (૨)
૧૭. આવજો, ટાટા (૨)
૧૯. ગપ્પુ (૨)
૨૦. ખાટલામાં ભરાતી પાટી કે દોરી (૨)

### શબ્દાવલી ૫૦૧૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) અણવર (૪) વામન (૬) ધૂળધાણી (૭) ઘર (૯) વાદ (૧૦) ડગર (૧૨) કેરમ (૧૩) દોડપકડ (૧૪) બાલ (૧૫) કાપ (૧૭) જવું (૧૮) મનોકામના (૨૦) પડખું (૨૧) વાહ

**ઊભી ચાવી :-** (૧) અણઘડ (૨) વધૂ (૩) રળવું (૪) વાણી (૫) નરદમ (૮) રગદોળવું (૯) વાર (૧૧) રડવું (૧૨) કેડ (૧૪) બાજરો (૧૫) કામવા (૧૬) પનાહ (૧૮) મડ (૧૯) નોખું

## જાહેર નિવિદા

આ કચેરીના નમુના મુજબના ફાઈલ કવર પ્રિન્ટીંગ, માલ મજુરી સાથે ૧૦૦૦ નંગ તેમજ કચેરીના લેટર હેડ એક્ઝીક્યુટીવ બોન્ડમાં ચાર કલરમાં પ્રિન્ટીંગ, માલ મજુરી સાથે ૧૦૦૦ નંગ પુરા પાડવાના ભાવો તા. ૩૦-૩-૨૦૧૩ સુધીમાં લેટરપેડમાં રજી. પો.એડી./ કુરીયર દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે. ભાવો મોકલવા તેમજ વધુ વિગતો માટે નીચે સંપર્ક કરવા વિનંતી.

**જનરલ મેનેજર (પ્રો)**
ગુજરાત રાજ્ય મા. વિ. નિ. લિ.
નિર્માણ ભવન ભોંય તળીયે, સેક્ટર-૧/એ, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૨૯૧૨

**માહિતી/૨૪૮૨/૧૨-૧૩**

## જાહેર નિવિદા

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં. ૮, પ્રથમાળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને ઉનાળાના ૪ માસ માટે એરકુલર નંગ-૧૨ ભાડે રાખવા માટે રસ ધરાવતી પેઢીઓ તરફથી એરકુલર મોડલ નંબર સહિત એક માસના ભાડાની કિંમત માટે તા. ૩૦-૩-૨૦૧૩ સુધીમાં ભાવપત્રક રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે.

**કમિશનર વતી**
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**માહિતી/૨૪૮૧/૧૨-૧૩**

## નામ બદલેલ છે

મારું જૂનું નામ **પટેલ કૌશલ રમેશભાઈ** તે બદલીને મારું નવું નામ **પટેલ કૌશલકુમાર રમેશભાઈ** રાખેલ છે.

**સરનામું**
ડી-૨૦૨, શ્રીનાથ હોમ્સ,
કુડાસણ, ગાંધીનગર
ફોન : ૮૮૬૬૫૬૧૫૩૮

## ટૂંકી મુદ્દતની જાહેર નિવિદા નંબર-૫ / ૨૦૧૨-૧૩

**નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, પંચાયત પેટા વિભાગ**
**જિલ્લા પંચાયત, ગાંધીનગર**


નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ, જિલ્લા પંચાયત ૩૮૨૦૧૭ ફોન નં. ૨૩૨૫૬૯૬૫ દ્વારા ગુજરાત રાજ્યની જે તે ઈજારદારશ્રી દ્વારા આપેલ સમયમર્યાદામાં ટેન્ડર આપવાની તેમજ પરત લેવાની તારીખો નીચે મુજબ છે. કામની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવે છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

| અનું. | કામનો નંબર | કામની વિગત જે તે માન્ય ઈજારદારશ્રીઓ માટે | |
|---|---|---|---|
| | | ટેન્ડર કોપી આપવાની છેલ્લી તારીખ | ટેન્ડર કોપી પરત લેવાની છેલ્લી તારીખ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧ | ૨૬/૩/૧૩ | તા. ૨-૪-૧૩ |

નાયબ કાર્યપાલક ઈજનેર
પંચાયત પેટા વિભાગ, ગાંધીનગર
માહિતી/૨૪૮૦/૧૨-૧૩

**માહિતી/૨૪૮૦/૧૨-૧૩**

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT · KisaN · VINAYAK500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ